**Capital World Pg 11,  14th Jan 2022**

## કેપિટલ વર્લ્ડ

# અમેરિકામાં ફુગાવો વધતાં રોકાણકારો ઓલ્ટરનેટિવ ક્રીપ્ટોકરન્સી તરફ વળ્યાઃ IC૧૫ ઇન્ડેક્સ ૩.૧૬ ટકા વધ્યો

અમેરિકામાં ફુગાવો વધવાને પગલે ફિયાટ કરન્સી માર્કેટમાં હિલચાલ વધી ગઈ છે. સ્થાનિક અને વિદેશી રોકાણકારોએ પોતપોતાની કરન્સીના મૂલ્યમાં થઈ રહેલા ઘટાડા સામે રક્ષણ મેળવવા માટે ઓલ્ટરનેટિવ ક્રીપ્ટોકરન્સીમાં રોકાણ શરૂ કર્યું તેને પગલે એ ક્રીપ્ટોના ભાવમાં ગુરુવારે વધારો થયો હતો.

ફેન્ટમ, સ્ટેલર લ્યુમેન્સ અને શિબા ઈનુ ટોકનના નેતૃત્વ હેઠળ ઓલ્ટરનેટિવ ક્રીપ્ટોમાં તેજી જોવા મળી હતી. આ લખાય છે તેની પહેલાંના ચોવીસ કલાકની અંદર એ બધી ક્રીપ્ટોના મૂલ્યમાં ૧૦ ટકા કરતાં વધુની વૃદ્ધિ થઈ હતી. નોંધનીય છે કે અમેરિકામાં ગ્રાહક ભાવાંક છેલ્લા કેટલાક દાયકાઓની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે. ડિસેમ્બરનો ભાવાંક સાત ટકાની ટોચે પહોંચ્યો છે. ભારતમાં પણ આંક ૫.૫૯ ટકાની પાંચ મહિનાની સૌથી ઉપલી સપાટીએ પહોંચ્યો છે.

ગુરુવારે બપોરે ચાર વાગ્યા સુધીમાં બિટકોઈનના ભાવમાં ૨.૫ ટકાની વૃદ્ધિ થતાં તેનો ભાવ ૪૩,૯૧૮ ડૉલર થયો હતો. ઈથિરિયમ ૩.૩ ટકાની વૃદ્ધિ સાથે ૩,૩૩૩ ડૉલરના સ્તરે પહોંચ્યો હતો.

આ જ સમયે IC૧૫ ઇન્ડેક્સ ૩.૧૬ ટકા (૨,૦૬૬ પોઈન્ટ) વધીને ૬૭,૩૮૧.૭૧ પોઈન્ટ બંધ રહ્યો હતો.

**IC૧૫ ઇન્ડેક્સની હિલચાલ**

| ખૂલેલો આંક | ઉપલો આંક | નીચલો આંક | બંધ આંક |
|---|---|---|---|
| ૬૫,૩૧૫ પોઈન્ટ | ૬૭,૫૫૭ પોઈન્ટ | ૬૫,૧૨૯ પોઈન્ટ | ૬૭,૩૮૧ પોઈન્ટ |
| ડેટાનો સમયઃ ગુરુવારે બપોરે ૪.૦૦ (ભારતીય સ્ટાન્ડર્ડ ટાઈમ) | | | |